## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, રીપોર્ટ પ્રમાણે આજકાલ દહી પછી, લોકો ફણગાવેલા મગ બહુ ખાઇ રહ્યા છે... તો તેને GSTના દાયરામાં લાવી શકાય એમ છે...!!!

# મોબાઈલ ચોરી જેવા સામાન્ય કિસ્સામાં પોલીસ સ્ટેશનના ધક્કા હવે ભૂતકાળ બનશે

**ડિજીટલ ગુજરાતના નિર્માણ માટે નાગરિકોના વિશાળ હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય : વાહન ચોરી અથવા મોબાઈલ ફોન ચોરીની ફરીયાદ માટે e-FIR સેવા ઉપલબ્ધ થશે : FIR નોંધાયાના ૪૮ કલાકમાં પોલીસ સામેથી કરશે ફરીયાદીનો સંપર્ક**

ગાંધીનગર, તા. ૨૨
ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે સામાન્ય મોબાઈલની ચોરી થાય અને પોલીસની તમામ મહત્વની સેવાઓ માટે પ્રજાલક્ષી નિર્ણય લઈને ઓનલાઈન કરવાની પહેલ હાથ ધરી છે. ગૃહ રાજયમંત્રીએ




વ્યક્તિએ આખો દિવસ કામ ધંધા છોડીને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા પડે તે આ ટેકનોલોજીના યુગમાં બિલકુલ સ્વિકાર્ય નથી. ત્યારે સામાન્ય કિસ્સામાં લોકોને પડતી આવી મુશકેલીઓને દૂર કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત ઉમેર્યુ કે ગુજરાત સરકારે આ ઓનલાઈન સેવાઓમાં વધુ એક સેવાનો ઉમેરો કરીને e-FIR સેવાનો પ્રારંભ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. હવે રાજયના નાગરીકોને વાહન ચોરી અથવા મોબાઈલ ફોન ચોરીની ફરીયાદ નોંધાવા માટે પોલીસ સ્ટેશન જવાની જરૂર નથી. આ ઓનલાઈન સેવા થકી રાજયના નાગરીકો ઘરે બેઠા ઓનલાઈન ફરીયાદ નોંધાવી શકશે. તેમણે ઉમેર્યુ કે, e-FIR સેવાના ગુજરાત રાજ્ય પોલીસ સીસીટીવી કમાંડ એન્ડ કંટ્રોલ સાથે સંકલન કરવામાં આવ્યું છે. જ્યારે e-FIR નોંધાય ત્યારે ચોરાયેલ વાહનો કોઈ ગુનેગાર લઈને જાહેર રસ્તા પરથી પસાર થતાં હોય ત્યારે તે વાહન નંબર સીસીટીવી કમાંડ એન્ડ કંટ્રોલ ખાતે તરત જ ફ્લેશ થશે. જેના થકી ચોરીના ગુના તુરંત જ ડીટેક્ટ થઈ શકશે.

### e-FIRની કાર્ય પ્રણાલી

● e-FIRની આ સુવિધા ફક્ત તેવા સંજોગોમાં જ મેળવી શકાશે કે જેમાં આરોપી અજ્ઞાત હોય તથા ઘટના દરમિયાન બળનો ઉપયોગ ન થયો હોય કે ઈજા ન પહોંચી હોય. ચોક્કસ સમય મર્યાદામાં e-FIRની પ્રાથમિક તપાસ પૂર્ણ કર્યા બાદ તેમાં તથ્ય જણાય તો તેવી ફરિયાદ FIRમાં રૂપાંતરિત કરવામાં આવશે.

● ફરિયાદીએ સીટીઝન પોર્ટલ પર રજીસ્ટર કરાવી વાહન કે ફોન ચોરી અંગે ફરિયાદ સંદર્ભેની વિગતો ભરી ઓનલાઈન અપલોડ કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરતી વખતે આપવામાં આવેલ અરજીની પ્રિન્ટઆઉટ પર ફરિયાદીની સહી કર્યા બાદ એ અરજીને સ્કેન કરીને અપલોડ કરવાની રહેશે. ફરિયાદીને E-Mail-SMSથી ફરિયાદ અરજી મળ્યાની જાણ થશે.

● બનાવ સ્થળની વિગતમાં ફરિયાદી દ્વારા જે પોલીસ સ્ટેશનનું નામ લખવામાં આવ્યું હોય તે પોલીસ સ્ટેશનમાં e-FIR ફોરવર્ડ થશે.જો પોલીસ સ્ટેશનનું નામ ન જણાવ્યું હોય તો જે-તે પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની કચેરીએ e-FIR ફોરવર્ડ થશે અને પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની કચેરી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક e-FIR મોકલી આપશે.

● પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અધિકારી ઈ-ગુજકોપના યુઝર આઈ.ડી.થી લોગ-ઈન કરીને પોર્ટલ વર્કલીસ્ટમાં તે e-FIR જોઈ શકશે અને કોઈ પણ સંજોગોમાં ૨૪ કલાકની સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ અર્થે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અધિકારી-કર્મચારીને મોકલવાની રહેશે. જે તે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તપાસ અધિકારીને પ્રાથમિક તપાસ સોંપાશે ત્યારે તપાસ અધિકારી અને સાથો-સાથ ફરિયાદીને તપાસ અધિકારી Assign થવા અંગે E-Mail અથવા SMSથી જાણ કરવામાં આવશે.

# સેકટર-૨૧ શોંપીગમાં મહિલાની દાદાગીરી

**વેપારીને લાફા ઝીંકી જાનથી મારી નાંખવાની ધમકી આપી**

ગાંધીનગર,તા.૨૨
શહેરમાં માથાભારે શખ્સની છબિ ધરાવતા કમરૂદીનની પત્નીએ સામાન્ય બાબતે સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટરમાં સાડીના વેપારીને લાફા ઝીંકી દેતા ચકચાર મચી જવા પામી છે. જયારે મહિલાએ વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી આપવા વેપારી ડરી ગયો હતો. તો બીજીતરફ પત્નીનું ઉપરાણુ લઈ સેકટર-૨૧ બજારમાં સાગરીતો સાથે પહોંચી જઈને શખ્સ પહોંચી જતા ભયનું વાતાવરણ સર્જાયુ હતું. વેપારીએ અંદરથી દુકાનનું શટર પાડી દીધુ હતું. ત્યારે સમગ્ર બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ આનંદ વાટીકા સોસાયટી ખાતે વિંકેશ વસંતભાઈ શેઠ રહે છે. તેઓ સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે રૂપશ્રી સાડી નામની દુકાન ધરાવે છે. વિંકેશભાઈની દુકાનના ઉપરના માળે માથાભારે શખ્સની છબિ ધરાવતા કમરૂદીનની પત્ની ફાલ્ગુની ચાંદની ડ્રેસીસ નામની દુકાન ચલાવે છે. ત્યારે બુધવારની રાત્રે વિંકેશભાઈ અને તેના કારીગરો પણ દુકાનમાં હાજર હતા. તે સમયે ફાલ્ગુની બહેન દુકાને પહોંચ્યા હતા. જેથી વિંકેશે પોતાની દુકાન આગળ દબાણ નહી કરવા માટે કહ્યું હતું. આ સાંભળતા જ ફાલ્ગુનીએ તું મારી દુકાને કેમ આવ્યો હતો..? તેમ કહીને વિંકેશ સાથે ગાળાગાળી કરી હતી. જયારે ગાળો બોલવાની ના પાડતા વધુ ઉશ્કેરાઈ જઈને વિંકેશને લાફા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે માથાકુટમાં કંઈ રહી ગયુ હોય તેમ કમરૂદીન પણ અન્ય સાગરીતો સાથે શોંપીગ સેન્ટર ખાતે આવી પહોંચતા વેપારીને ગાળો બોલી ધમકી આપતા વેપારીએ ડરી જઈને દુકાનનું શટર અંદરથી બંધ કરી દીધુ હતુ. ત્યારબાદ શોંપીગના અન્ય વેપારીઓ એકઠા થતા મામલો થાળે પડતા વિંકેશભાઈ ઘરે ગયા હતા.જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● જિલ્લાતંત્ર પર સરકારી કાર્યક્રમોનું ભારણ વધતાં તંત્રમાં ફાઈલો અટવાઈ જવા પામી છે.

● મહાત્મા મંદિર ખાતે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા બે દિવસીય વર્કશોપનો આરંભ થયો છે.

● ગાંધીનગર સ્થિત જીએનએલયુ ખાતે રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અરવિંદકુમારે કહ્યુ રાજયમાં ઈ.ટ્રાફિક કોર્ટ શરૂ કરાશે.

● આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તેમના વતન માણસામાં ઈ.ખાતવિધિ અને લોકાર્પણ કાર્યક્રમોમાં હાજરી આપશે.

● ગાંધીનગર નજીક આવેલ આલમપુર ગામમાં ત્રિદિવસીય સેવાકેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે.

● દહેગામ તાલુકાના બારડોલી ગામમાં વૃક્ષારોપણનું આયોજન કરાયુ હતુ.

● આગામી મહિને જિલ્લાકક્ષાનું મહિલા સંમેલન યોજવાના ચક્રો ગતિમાન થયા છે.

● મોટા ચિલોડા પાસે ભરાઈ રહેલા પાણી અને થયેલા ઊંડા ખાડાની સમસ્યાનો સામનો રાજયમંત્રી તેમજ જિલ્લા પંચાયત પ્રમુખને રોજ કરવો પડી રહ્યો છે પણ તંત્ર તેના પર કોઈ ધ્યાન આપવા તૈયાર નથી.

● ગિફ્ટસીટી ખાતે આવેલ હોટલ મર્ક્યુરીમાં ચાર દિવસીય હેરીટેજ આર્ટ એન્ડ ફુડ ફેસ્ટીવલનું આયોજન કરાયુ છે.

● આજે વિશ્વ પ્રસારણ દિવસ છે.

● વિસનગરા નાગર પરિવાર દ્વારા પરિવારના સભ્યો માટે ૩૧મી જુલાઈના રોજ ધાર્મિક પ્રવાસનું આયોજન કરાયુ છે.

● ગાંધીનગર શહેરમાં ૨૯૦૦થી વધુ તો ગ્રામ્ય વિસ્તારમાં ૫ હજારથી વધુ લાભાર્થીઓને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા છે.

# સરસ્વતિ વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૨
સેક્ટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં તા. ૨૨-૭-૨૨ શુક્રવારના રોજ વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું. જેમાં તુલસી, આસોપાલવ, લીમડો, બોરસલ્લી, ગુલમહોર જેવા વૃક્ષો રોપવામાં આવ્યા હતા. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે વિદ્યાર્થીઓને વૃક્ષોના મહત્વ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ શાળાના શિક્ષકો તથા શાળામાં ઈન્ટરશીપ દરમ્યાન આવેલા તાલીમાર્થીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વૃક્ષારોપણનો એટલો ઉત્સાહ હતો કે વિદ્યાર્થીઓએ જાતે વૃક્ષો રોપવા માટે ખાડા ખોદીને શિક્ષકો સાથે મળીને વૃક્ષો રોપ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા દરેક વૃક્ષોનું તેઓ જતન કરશે એવી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા બાસણની શાળામાં વિવિધ સામગ્રીનું વિતરણ



ગાંધીનગર,તા. ૨૨
ગાંધીનગર તાલુકાનું બાસણ પ્રાથમિક શાળામાં એપેક્સ એકેડમી બેંક ઓફ બરોડા દ્વારા ધો. ૧ થી ૮ના તમામ વિદ્યાર્થીને વિવિધ અભ્યાસ સામગ્રી આપવામાં આવી હતી.

પાટીપેન, નોટબુક, પેન્સીલ, ચિત્રકામનો ચોપડો, કલર, કંપાસ તથા ચોપડાનું વિતરણ ૨૬૪ બાળકોને કરવામાં આવ્યું હતું. શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા આયોજન કરાયુ હતુ. બેંકના વડા દીપાંકર ગુહા, મુકેશ નવલ, હીરેન જોષી વિગેરે હાજર હતા. સંસ્થાના મિલિંદબાઈ, મહેશસિંહ વાઘેલા, મહર્ષી તથા શાળાના સ્ટાફે સારી જહેમત ઉઠાવી હતી. બાળકોને અભ્યાસ સામગ્રી મળતા ખુશ થયા હતા. બેંકના ૧૧૫માં સ્થાપના (ફાઉન્ડેશન) દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલય લક્ષ-૪ ફિઝિકલ ફીટનેસ ઈવેન્ટનો ઈનામ વિતરણ



ગાંધીનગર, તા.૨૨
કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન અને એડવેન્ચર સેલ દ્વારા તા.૨૦થી ૨૨ મેના રોજ ઉત્તરાખંડ, દહેરાદુન જિલ્લા મુકામે પ્રતિયોગીતાનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવ્યો હતો. જેનો પ્રથમ રાઉન્ડ સે-૧૬માં શાળા ખાતે તેમજ બીજો રાઉન્ડ સાદરામાં રમાડવામાં આવેલો હતો. કુલ ૬૫૦થી વધુ રજીસ્ટ્રેશનમાંથી ૨૮ ફાઈનલીસ્ટ ૧૪ બોયઝ અને ૧૪ ગર્લ્સને ઉત્તરાખંડ દ્વારા રમાડવામાં આવ્યા હતા. જેમાં ધ્રૃવી પટેલ, એચ.વી.એચ.પી કોલેજ કડી અને અવિનાશકુમાર એમ.એમ.પી. કોલેજ ગાંધીનગર વિજેતા થયા હતા. જેમનું ઈનામ વિતરણ એલડીઆરપી કેમ્પસમાં રાખવામાં આવ્યું હતું. વિજેતાઓને દસ હજાર રોકડા શાનદાર ટ્રોફી, જીમ કીટ બેગ, સર્ટીફીકેટ વગેરેથી સન્માનિત કરાયા હતા. જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત પ્રતિસ્પર્ધીઓને ઉત્સાહ વધાર્યો હતો. જેમાં લક્ષ ઈવેન્ટના મુખ્ય કો-ઓર્ડીનેટર પ્રો.નારીન વૈપના મેડમ, ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન એન્ડ એડવેન્ચર સેલના ડાયરેકટર ડો.રણછોડ રથવી તેમજ ડીપાર્ટમેન્ટના સભ્યો ડો.હરીશ વનાર, હર્ષ પટેલ, હર્ષદ ચૌધરી, દિનેશ પટેલ, ભાવિક પંડ્યા ઉપસ્થિત રહયા હતા.

# ભારત માતાના મંદિરે રવિવારે ડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૨૨
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દેશદાઝથી ભરપુર દેશભક્તિ ગીતો-શૌર્યગીતો અને લોકગીતોથી ભરપુર કસુંબલ ડાયરાનું તા. ૧૭મીના રોજ ભારતમાતા મંદિર સે. ૭-એ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં જાણીતા લોકગાયક ભરત ઠાકોર તથા રેડીયો અને ટીવીના જાણીતા આંતરરાષ્ટ્રીય કલાકાર (આઈસીસીઆર માન્ય, ભારત સરકાર) સુરેશ રત્નોત્તર, જાણીતા લોકગાયિકાઓ રેખાબેન પંચાલ, કલ્પનાબેન પંડ્યા તથા બાળ કલાકાર માસ્ટર જનેશ સોની દ્વારા સંગીતસભર કાર્યક્રમ ‘કસુંબલ ડાયરો’ રજુ કરી ઉપસ્થિત કલારસિકોને સંગીતની રસ લ્હાણ કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા લોકસાહિત્યકાર મોનાજી બારોટે કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમમાં સાજીંદાઓ તરીકે જિજ્ઞેશ પંચાલ, ભૌમિક દવે, ભલાભાઈ સોલંકી તથા મિહીર વાઘેલાએ સરસ સંગત કરી હતી.

# ગાંધીનગર-અમદાવાદમાં બે દિવસ ભારે વરસાદની સંભાવના

ગાંધીનગર, તા.૨૨
રાજયમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદ નહીવત છે. પરંતુ વરસાદનો બીજો રાઉન્ડ શરુ થવાની તૈયારીમાં છે. પાકિસ્તાન તરફ દરિયામાં લો પ્રેશર સર્જાતા આગામી ૨૪ કલાકમાં ગુજરાત પહોંચી શકે છે. આ લો પ્રેશરને પગલે અમદાવાદ સહિત રાજયભરમાં તા.૨૩ થી ૨૭ સુધી મધ્યમ થી અતિભારે વરસાદ વરસી શકે છે.જયારે અમદાવાદમાં લો પ્રેશરની અસર શુક્રવાર રાતથી જ શરુ થઈ જશે. જયારે ઉતરગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ ભારે થી અતિભારે વરસાદ પડવાની શકયતાઓ છે. હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદ વરસવાની શકયતાને પગલે કચ્છ, ઉતરગુજરાતમાં શનિ-રવિવારના રોજ ઓરેન્જ તેમજ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વાર શનિવારના રોજ ગાંધીનગર, અરવલ્લી, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, કચ્છ, સુરેન્દ્રનગર અને મોરબીમાં ઓરેન્જ તેમજ જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ અને ખેડામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજયના અનેક જિલ્લામાં વરસાદનું જોર વધી શકે તેમ છે. ત્યારે અમદાવાદ-ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં શનિવાર અને રવિવારના રોજ ભારે વરસાદ પડે તેવી શકયતાઓ છે.

# અડાલજ બાલાપીર રોડ પર રખડતા પશુ સાથે બાઈક ટકરાતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૨
અડાલજ બાલાપીર રોડ પર થી બાઈક ચાલક પસાર થઈ રહ્યો હતો, તે સમયે અચાનક માર્ગ વચાળે રખડતા ઢોર આવી જતા બાઈક ચાલક ટકરાઈને નીચે પડી ગયો હતો. બનાવમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બાઈક ચાલકનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. જયારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના પ્રાણ પ્રશ્નોમાં રખડતા ઢોરનો પ્રશ્ન સૌ પ્રથમ આવે છે. ત્યારે શહેરના સેકટરોમાં રખડતા ઢોરના ત્રાસથી વસાહતીઓ ત્રાહીમામ પોંકારી ઉઠે છે. રખડતા ઢોર લડતા આસપાસ પડી રહેલા વાહનોને પણ નુકશાન પહોંચાડે છે.જયારે મનપા તંત્ર દ્વારા રખડતા ઢોર પકડવા માટેની કામગીરી માત્ર કાગળ પુરતી છે.

શહેરના રખડતા ઢોર ગમે તે સમયે મુખ્ય માર્ગો પર આવી જતા નાના મોટા અકસ્માત સર્જાય છે. જેમાં શહેરના નાગરીકોને સામાન્ય તો કેટલાકને ગંભીર ઈજાઓ પણ પહોંચી છે.

ત્યારે આજે અડાલજ ખાતે માર્ગ વચ્ચે ઢોર આવી જતા બાઈક અથડાતા ગંભીર ઈજા પહોંચતા આધેડે જીવ ખોવાનો વારો આવ્યો છે.અડાલજ શ્રીનાથ બંગલોની પાસે એરીયન સોસાયટીમાં રહેતા મુળ જામજોધપુરના રહેવાસી પ્રફુલભાઈ રતિલાલા મહેતા (ઉં.૪૯) આજે વહેલી સવારે અડાલજ થી બાલાપીર તરફ જઈ રહ્યા હતા.

તે સમયે અચાનક જ ઢોર વચ્ચે આવીને બાઈક સાથે ટકરાતા પ્રફુલભાઈ માર્ગ પર પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ને કોલ કરતા આવી જતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. પ્રફુલભાઈની પ્રાથમિક સારવાર ચાલી રહી હતી તે દરમિયાન તેમની તબિયત વધુ લથડતા સારવાર દરમિયાન જ તેમનું મૃત્યુ નિપજયું હતું.

બનાવની જાણ થતા અડાલજ પોલીસ ગાંધીનગર સિવિલ દોડી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## આજે નિઃશુલ્ક બુસ્ટર ડોઝ વેક્સીનેશન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર મહાનગર પાલિકા અને મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે મહારાષ્ટ્ર સમાજ ભવન, સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે શ્રી સિદ્ધિવિનાયક સભાગૃહમાં શનિવાર તા. ૨૩-૭-૨૨ના રોજ સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી ૧૮ વર્ષથી ઉપરના યુવા અને વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક કોરોના રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં પહેલો ડોઝ, બીજો ડોઝ તેમજ બુસ્ટર ડોઝ આપવામાં આવશે. બુસ્ટર ડોઝ ૧૮ વર્ષથી ઉપરના નાગરીકોને આપવામાં આવશે. વેકસીનેશન લેવા આવનાર નાગરિકોએ તેઓનું આધારકાર્ડ અથવા જન્મનો દાખલો સાથે લાવવાનો રહેશે.

## આજે સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે આયુષ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૨
વિશ્વ હિન્દુ પરિષદ ગાંધીનગર જિલ્લા તેમજ વૈધ પંચકર્મશ્રી સરકારી આર્યુવેદ હોસ્પિટલ સેકટર-૨૨ ના સહયોગથી આયુષ નિદાન કેમ્પનુ આયોજન તા.૨૩ જુલાઈને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે કરવામાં આવ્યું છે. આર્યુવેદ અને હોમિયોપેથી દવાઓ આયુષ નિદાન કેમ્પમાં વિના મુલ્યે આપવામાં આવશે.

સેકટર-૭ ભારત માતા મંદિર ખાતે આયોજીત આયુષ નિદાન કેમ્પમાં હાડકા અને સાંધાના હઠીલા રોગો,માનસિક રોગો, ચામડીના રોગો, પાચન તંત્ર સંબંધિત રોગો, ચિકનગુનિયા તેમજ અન્ય રોગો માટે પ્રતિરોધક ઉકાળાનું વિતરણ, બાળકોના રોગો અને મહિલાઓનો રોગ સહિત બીપી, ડાયાબીટીસની સારવાર અને માર્ગદર્શન વિના મુલ્યે આપવામાં આવશે.

આ કેમ્પમાં વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા સેવા પ્રમુખ રાજુભાઈ જાની, મુખ્ય સંયોજક વૈધ સંગીતાબેન જોષી, હાજર રહેશે.જયારે આ કેમ્પસમાં વૈધ ધરાબેન જાદવ, વૈધ ભાવેશ પટેલ અને ડો.સાવન પરમાર હાજર રહેશે. જયારે અતિથિ તરીકે વીએચપીના પ્રવિણભાઈ રાવલ અને યોગ પ્રશિક્ષક પંકજભાઈ દંગી હાજર રહેશે.

**જાહેર નિવિદા નં. ૦૫ સને ૨૦૨૨-૨૩**
**(ફક્ત આવા કામના અનુભવી ઈજારદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮/મો. નં. ૯૭૨૪૪ ૪૬૯૧૬) દ્વારા વિદ્યુતિકરણને લગતા ૧ (એક) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૯૬,૭૮૧/- છે, જેના માટે આવા કામના અનુભવી ઈજારદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. સદર કામોના કોરા ભાવપત્રકો મેળવવાની છેલ્લી તા. ૨૯/૭/૨૦૨૨ છે, તેમજ રજી. પોસ્ટ/સ્પીડ પોસ્ટથી ભરેલા ભાવપત્રકો પરત મેળવવાની તા. ૫/૮/૨૦૨૨ છે. શક્ય હશે તો તા. ૬/૮/૨૦૨૨ના રોજ ૧૨-૦૦ કલાકે ઉપસ્થિત ઈજારદારોની હાજરીમાં ભરીને આવેલ ભાવપત્રકો ખોલવામાં આવશે. ઉપરોક્ત કામોની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ-બોર્ડ પર મુકવામાં આવેલ છે. તેમજ રસ ધરાવતા ઈજારદારોએ કામો અંગેની વધુ માહિતી માટે જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો. સરકારશ્રીના વખતો-વખતના નિયમો ઈજારદારોશ્રીને બંધનકર્તા રહેશે. કોઈપણ એક અથવા બધા જ કામોની નિવિદા કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય રદ કરવાના અધિકારો આ વિભાગના અબાધિત રહેશે. બનાની રકમ બિડાયેલ નહી હોય તો ભાવપત્રકો સ્વીકૃતિને પાત્ર થશે નહિ.

માહિતી/૯૬૧૨૨-૨૩

